
# દિલ્હીમાં ઘેરી બનતી રાજકીય કટોકટી



### સરકાર રચવા 'આપ'એ ૧૮ શરતો મૂકી : સોનિયા ગાંધી-રાજનાથસિંહને પત્ર લખી જવાબ આપવા અપીલ : કેજરીવાલે દિલ્હીના નાયબ રાજ્યપાલને મળીને સરકાર રચવા મામલે ૧૦ દિવસનો સમય માંગ્યો : મુદ્દા આધારિત સરકાર બનાવવા કેજરીવાલનો સંકેત

નવી દિલ્હી,તા.૧૪

દિલ્હીમાં વિધાનસભાની ચુંટણીમાં કોઈ પાર્ટીને બહુમતી ન મળતા સરકાર રચવાને લઈને હજુપણ દુવિધાભરી સ્થિતિ સર્જાયેલી છે. ઉભી થયેલી કટોકટીને ઉકેલવા માટેના પ્રયાસો ચાલી રહ્યા હોવા છતાં કોઈ ઉકેલ દેખાઈ રહ્યા નથી. કારણકે, આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ સરકાર રચવાને લઈને હજુ સુધી નિર્ણય કરી શક્યા નથી. તેઓએ આ સંદર્ભમાં વધુ સમયની માંગણી કરી છે. અરવિંદ કેજરીવાલ આજે દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગને મળ્યા હતા અને સરકારની રચનાના સંદર્ભમાં નિર્ણય કરવા ૧૦ દિવસના સમયની માંગ કરી હતી. ઉપરાજ્યપાલ સાથે વાતચીત કર્યા બાદ અરવિંદ કેજરીવાલે ભાજપ અને કોંગ્રેસ માટે ૧૮ શરતો મૂકી હતી. જેમાં તેઓએ આ તમામ શરતો ઉપર ટેકો આપવા બન્ને પક્ષોને અપીલ કરી છે સાથે-સાથે આ ૧૮ શરતો અંગે તેમનું વલણ સ્પષ્ટ કરવા અંગે કહ્યું છે. કેજરીવાલે કહ્યું છે કે, આમ આદમી પાર્ટી આ મુદ્દાના આધાર ઉપર જ સરકાર બનાવવા અંગે નિર્ણય લેશે. કોઈપણ પાર્ટીને ટેકો આપવા અથવા તો ટેકો લેવા કેજરીવાલે ઈન્કાર કર્યો છે. કેજરીવાલે કહ્યું છે કે, અમે લોકો પાસે જઈશું લોકો જે કહેશે તે આધાર પર નિર્ણય લઈશું. ઉપરાજ્યપાલ સાથે બેઠક બાદ પત્રકાર પરિષદમાં કેજરીવાલે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, એએપી દિલ્હીમાં મુદ્દા આધારિત સરકારની રચના કરશે. ભાજપ અને કોંગ્રેસ બન્નેને આ મુદ્દાઓ ઉપર તેઓ ટેકો આપશે કે કેમ તે અંગે વલણ સ્પષ્ટ કરવા અપીલ કરવામાં આવી છે. આ મુદ્દાઓમાં જન લોકપાલ બિલને પસાર કરવા, વિજળી કંપનીઓના ઓડિટ, મહિલાઓની સુરક્ષા માટે ખાસ પગલાનો સમાવેશ થાય છે. બન્ને પક્ષો દ્વારા આપવામાં આવનાર જવાબની શ્રેણીબદ્ધ મીટિંગો મારફતે લોકોમાં ચર્ચા કરવામાં આવશે. ત્યારબાદ લોકો જે કહેશે તે અંગે આગળ વધવામાં આવશે. દિલ્હીમાં સરકારની રચનાને લઈને મડાગાંઠ અકબંધ બનેલી છે. દિલ્હીમાં સરકારબનાવવા માટે આમઆદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે કેટલીક મુશ્કેલ શરતો મૂકીને કોંગ્રેસ અને ભાજપની તરફેણમાં સ્થિતિ વાળી લીધી છે. ઉપરાજ્યપાલ નજીબ જંગ સાથે મુલાકાત બાદ કેજરીવાલે કહ્યું હતું કે ભાજપ અને કોંગ્રેસ બંનેને પત્ર લખીને ૧૮ મુદ્દાઓ ઉપર તેમના અભિપ્રાય મેળવવામાં આવ્યા છે.

હવે અરવિંદ કેજરીવાલે મુદ્દાઓ ઉપર સમર્થન આપવાની શરતો મૂકીને સરકાર ન બનાવવાની સ્થિતિમાં બંને ઉપર જવાબદારી નાંખી દીધી છે. કેજરીવાલે કહ્યું છે કે રાજકીય પાર્ટીઓ કોઈપણ શરત વગર આમ આદમી પાર્ટીને સમર્થન આપવાના દાવા કરી રહી છે પરંતુ રાજનીતિમાં શરત વગર સમર્થન અપાતું નથી. સોનિયા અને રાજનાથસિંહ આમ આદમી પાર્ટીના મુદ્દાઓને સમર્થન આપવા તૈયાર છે તેવી સ્પષ્ટતા કરે તો જ ચિત્ર સ્પષ્ટ થશે. કેજરીવાલે નાયબ રાજ્યપાલને કહ્યું છે કે ૧૦ દિવસની અંદર સોનિયા ગાંધી અને રાજનાથસિંહના જવાબ મળી જશે ત્યારબાદ ત્રણ દિવસ સુધી આમ આદમી પાર્ટી આ બંને નેતાઓના જવાબ ઉપર વિચારણા કરશે ત્યારબાદ દિલ્હીમાં સરકાર બનાવવાના પાસાં ઉપર વિચારણા કરવામાં આવશે.

## ફ્લેગશીપ સ્કીમ મામલે હવે જયરામ રમેશ અને ચિદમ્બરમ્ સામ સામે

### ફ્લેગશીપ સ્કીમમાં કાપ મૂકવા ચિદમ્બરમ્ ઈચ્છુક : ગ્રામીણ વિકાસ પ્રધાન જયરામ રમેશે વાંધો ઉઠાવી ચૂંટણી માહોલમાં આવા કોઈ ખર્ચમાં કાપ નહીં મૂકવા પત્ર લખ્યો


નવી દિલ્હી,તા.૧૪

લોકસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે સામાજિક કલ્યાણની યોજનાઓને લઈને યુપીએ સરકારમાં પણ ખેંચતાણની સ્થિતિ સર્જાયેલી છે. લોકપ્રિય ફ્લેગશીપ સ્કીમો ઉપર ખર્ચને લઈને ખેંચતાણની સ્થિતિ સર્જાયેલી છે. મળેલી માહિતી મુજબ નાણાંપ્રધાન પી. ચિદમ્બરમ્ અને ગ્રામીણ વિકાસ પ્રધાન જયરામ રમેશ વચ્ચે ખેંચતાણની સ્થિતિ છે. રોજગારી બાયધરી યોજના, ગ્રામીણ આવાસ યોજના જેવી અતિ લોકપ્રિય ફ્લેગશીપ સ્કીમ ઉપર ખર્ચમાં ૨૦ હજાર કરોડથી વધુના કાપને લઈને ખેંચતાણ ચાલી રહી છે. પી. ચિદમ્બરમે લોકપ્રિય સ્કીમો ઉપર ખર્ચમાં ૨૦હજાર કરોડ જેટલી જંગી કાપ મૂકવાની દરખાસ્ત રજૂ કરી દીધી છે. જેમાં ગામના માર્ગોની સ્કીમ, આજીવિકા મિશન જેવી યોજનાનો સમાવેશ થાય છે. આના કારણે ગ્રામીણ વિકાસ પ્રધાન જયરામ રમેશ નાખુશ દેખાઈ રહ્યા છે. તેમનું કહેવું છે કે આ પ્રકારના કાપ બિલકુલ વાજબી નથી. આનાથી નુકસાન થશે. વડાપ્રધાન મનમોહનસિંહને લખવામાં આવેલા પત્રમાં જયરામ રમેશે આ મુજબની વાત કરી છે. ચિદમ્બરમ્ અને મનમોહનસિંહને લખવામાં આવેલા પત્રમાં રમેશે કેટલાક મુદ્દાઓ ઉઠાવ્યા છે. બીજી બાજુ નાણાંમંત્રી પણ કેટલાક ટાર્ગેટ સાથે આગળ વધી રહ્યા છે. મહેસૂલી ખાદ્યને અંકુશમાં લેવા અને જીડીપીના ૪.૮ ટકાના નક્કી કરવામાં આવેલા ટાર્ગેટની અંદર રહેવા ચિદમ્બરમ્ યોજના ધરાવે છે. સરકારની કમાણી અને તેના ખર્ચ વચ્ચે અંતરની સ્થિતિને ફિસ્કલ ડેપીસીટ કહેવામાં આવે છે. આને લઈને હવે મતભેદો દિનપ્રતિદિન ઉભરી રહ્યા છે. હાલમાં ટાર્ગેટ પૈકીના અડધા ટાર્ગેટને પણ પહોંચી વળવામાં સફળતા હાથ લાગી નથી. ચિદમ્બરમ્ ડેફીસીટને ઘટાડવાના હેતુસર ખર્ચ ઉપર કાપ મૂકવાની યોજના ધરાવે છે. જયરામ રમેશે વડાપ્રધાનને લખવામાં આવેલા પત્રમાં કહ્યું છે કે જનકલ્યાણ સ્કીમ ઉપર કાપ મૂકવાની સ્થિતિમાં ચૂંટણીના વાતાવરણમાં ભારે કિંમત ચૂકવવી પડી શકે છે. આ પ્રકારના કાપથી ખોટા રાજકીય સિંગ્નલો પણ જશે. જુદી જુદી ફ્લેગશીપ સ્કીમો ઉપર ખર્ચમાં કાપ મૂકવાની દિશામાં આગળ વધવામાં આવશે તો વધારે નુકસાન થઈ શકે છે. તાજેતરમાં જ યોજાયેલી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી પૈકી ચારમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો હતો. રમેશના પત્રમાં જોબ બાયેધરી સ્કીમ (મનરેગા) અને ગ્રામીણ આવાસ સ્કીમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. યુપીએની આ બે સૌથી લોકપ્રિય સ્કીમ છે.

## એર ઈન્ડિયા ટૂંકમાં જ સ્ટાર એલાયન્સમાં સામેલ કરાશે

નવી દિલ્હી,તા.૧૪

સિવિલ એવિએશન કંપની એર ઈન્ડિયા ગ્લોબલ ઈન્ટર એવિએશન એલાયન્સ સ્ટાર એલાયન્સમાં શામિલ થવા ઈચ્છુક છે. આ અંગેની માહિતી એક સિનીયર અધિકારીએ આપી છે. એર ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે એર ઈન્ડિયા દ્વારા આ સંદર્ભમાં પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચૂકી છે. સ્ટાર એરલાઈન્સના બોર્ડે શુક્રવારે આ અંગેનો નિર્ણય લીધો હતો. એલાયન્સમાં એર ઈન્ડિયાના પ્રવેશની પ્રક્રિયાને ફાઈનાશિયલ, લેબર અને



સિક્યુરિટી જેવા અનેક કારણોસર ૨૦૧૧માં સસ્પેન્ડ કરવામાં નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્ટાર એલાયન્સમાં એર ઈન્ડિયાની એન્ટ્રી માટે ઈંતજારનો હવે અં આવી ગયો છે. ગ્લોબલ એરલાયન્સમાં સમેલ થનાર એર ઈન્ડિયા પ્રથમ દેશી એરલાઈન્સ બની જશે. નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીતસિંહે માહિતી આપતા કહ્યું છે કે સ્ટાર એરલાઈન્સે અગાઉ ઓગસ્ટ ૨૦૧૧માં એર ઈન્ડિયાની અરજીને અટકાવી દીધી હતી. હવે સ્ટાર એલાયન્સને સામેલ થવા મહારાજાને સૈદ્ધાંતિક રીતે મંજૂરી આપી દીધી છે. વિશ્વના સૌથી મોટા એલાયન્સ તરીકે સ્ટારને ગણવામાં આવે છે. એર ઈન્ડિયાએ તાજેતરના સમયમાં તેની સ્થિતિમાં ઉલ્લેખનીય રીતે સુધારો કર્યો છે. ફાઈનાન્સમાં, પરફોમન્સમાં, ઈનફ્લાઈ સર્વિસમાં એર ઈન્ડિયાનો દેખાવ સુધર્યો છે. સમયસર પગારની ચૂકવણી પણ થઈ રહી છે. યાત્રીઓને લાભ પણ થઈ રહ્યા છે.

## દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લદાય તેવી પ્રબળ શક્યતા

### સરકાર રચવાની કોઈ શક્યતા દેખાતી નથી : સુશીલકુમાર શિંદે સાથે ઉપરાજ્યપાલની ઉભી થયેલી પરિસ્થિતિ પર ચર્ચા : રાષ્ટ્રપતિને પણ અહેવાલ મોકલશે

નવી દિલ્હી,તા. ૧૪

દિલ્હીમાં સરકાર રચવાને લઈને જટીલ સ્થિતિ ઊભી થઈ ગઈ છે. ભારે અનિશ્ચિતતા વચ્ચે રાષ્ટ્રપતિ શાસનના ભણકારા વાગી રહ્યા છે. એએપીના નેતા કેજરીવાલે અતિ મુશ્કેલ શરતો મુકતા આ શરતોને લઈને ભાજપ અને કોંગ્રેસ નાખુશ દેખાઈ રહ્યા છે. અગાઉ દિલ્હીના ઉપરાજ્યપાલે ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેને ઉભી થયેલી સ્થિતિ અંગે માહિતી આપી છે. કોંગ્રેસે દિલ્હીમાં ઉપરાજ્યપાલ નજીબ જંગને પત્ર લખીને સરકાર રચવા એએપીને બિનશરતી ટેકો આપવાની ઓફર કરી છે અને કહ્યું છે કે, કોંગ્રેસ પાર્ટી દિલ્હીમાં નવેસરથી ચુંટણીનો બોજ લોકો પર લાદવા ઈચ્છુક નથી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસે પક્ષના તમામ આઠ સભ્યો એએપીને ટેકો આપવા તૈયાર છે.

ઈન્ડીયન નેશનલ કોંગ્રેસે પણ બિનશરતી ટેકો આપવાની વાત કરી છે. ભાજપે સરકારની રચના કરવાનો ઈન્કાર કર્યો છે. આવી સ્થિતિમાં હવે ઉપરાજ્યપાલ પાસે ખૂબ જ ઓછા વિકલ્પો રહ્યા છે. વિધાનસભાને સુસુપ્ત અવસ્થામાં રાખવામાં આવે અને રાષ્ટ્રપતિ શાસન લગાવવામાં આવે તેવી શક્યતાઓ છે. આ ગાળા દરમિયાન સરકાર રચવા માટેના પ્રયાસો પણ જારી રહેશે. નજીબ જંગે કહ્યું છે કે, તેઓ હવે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પણ અહેવાલ મોકલનાર છે. જેમાં એવો સંકેત આપશે કે, સરકાર રચવાની શક્યતાઓ દેખાઈ રહી નથી.

## એએપી જવાબદારીથી ભાગી રહી છે : કોંગ્રેસ

નવી દિલ્હી,તા.૧૪

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ દ્વારા સરકાર રચવા મુકવામાં આવેલી ૧૮ માંગણીના પત્રનો ઉલ્લેખ કરીને કોંગ્રેસે આકરી પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, આમ આદમી પાર્ટી હવે જવાબદારીથી ભાગી રહી છે. કોલસા પ્રધાન શ્રીપ્રકાશ જયસ્વાલે કહ્યું છે કે, ૧૮ શરતોની કોઈ જરૂર નથી. લોકો માટે કામ કરવુંજોઈએ. કોંગ્રેસની મદદ સ્વીકારવી જોઈએ. અગાઉ શકીલ અહમદે કહ્યું હતું કે, પત્રમાં રજૂ કરવામાં આવેલા મુદ્દા પર વિચારણા કરીશું. બીજીબાજુ ભાજપે આમ આદમી પાર્ટી ઉપર આકરા પ્રહારો કરતા કહ્યું છે કે, એએપીએ હવે નાટકની શરૂઆત કરવામાં આવી છે. કેજરીવાલ દ્વારા ઉપયોગમાં કરવામાં આવતી ભાષા જિદ્દી વલણ દર્શાવે છે. કેજરીવાલ પોતાને દેશના ભાગ્ય વિધાતા ગણી રહ્યા છે. ભાજપના નેતા બલબીર પુંજે કહ્યું હતું કે, કેજરીવાલ સરકારની રચના કરે તેમા અમને કોઈ વાંધો નથી. બિનજરૂરી મુદ્દા ઉઠાવવાની જરૂર નથી. લોકોને આપેલા વચનો સરકાર બનાવી પૂરા કરવા જોઈએ.

## ડીઝલમાં હાલમાં ૫૦ પૈસા વધારવાનો દોર જારી રહેશે

### ડીઝલ, એલપીજી, કેરોસીન પર મહેસૂલી નુકસાન ૧૪૭૫૦૦ કરોડ : કિરીટ પારીખ પેનલનું ડીઝલમાં લીટર દીઠ રૂપિયા પાંચ અને સિલિન્ડર પર ૨૫૦ રૂપિયાનો વધારો કરવા સૂચન પણ વધારો તબક્કાવાર રીતે જ કરાશે

નવી દિલ્હી,તા.૧૪

પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ કહ્યુંછે કે ફ્યુઅલની કિંમત સાથે સંબંધિત સુધારાઓનો દોર જારી રહેશે. જો કે મોઈલીએ કહ્યું હતું કે પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી પૈકી ચારમાં કારમી હાર થઈ હોવા છતાં યુપીએ સરકાર અથવા કોંગ્રેસ દહેશતમાં કામ કરશે નહીં. ડીઝલની કિંમતમાં લીટર દીઠ ૫૦ પૈસાનો વધારો હાલ જારી રહેશે. કારણ કે આ નિર્ણય રાષ્ટ્રીય હિતમાં લેવામાં આવ્યો છે. દેશ અને દેશના લોકોના હિતમાં સરકાર કામ કરશે. મોઈલીએ એવી દહેશતને ફગાવી દીધી હતી કે સુધારાઓની પ્રક્રિયાને રોકી દેવામાં આવશે. જો કે તેઓએ ડીઝલ અને રાંધણ ગેસની કિંમતમાં જંગી વધારો થશે તેવી દહેશતને ફગાવી દીધી હતી પરંતુ કહ્યું હતું કે ઓઈલ સેક્ટરમાં સુધારાઓ જારી રહેશે. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર ખાધા બાદ કોંગ્રેસની મોંઘવારીના મુદ્દા વ્યાપક ટીકા થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આયોજનપંચના ભૂતપૂર્વ સભ્ય કિરીટ પારેખના નેતૃત્વમાં પેનલે ડીઝલની કિંમતમાં લીટર દીઠ ૫ રૂપિયા સુધીનો અને એલપીજીની કિંમતમાં સિલિન્ડર દીઠ ૨૫૦ રૂપિયાનો વધારો કરવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત સબસીડીવાળા ગેસ સિલિન્ડરની સંખ્યા ૯થી ઘટાડીને છ કરવાનું સૂચન કર્યું હતું. ફ્યુઅલ સબસીડીમાં કાપ મૂકવા શ્રેણીબદ્ધ પગલાંનું સૂચન કરવામાં આવ્યું હતું. મોઈલીનું કહેવું છે કે આર્થિક રીતે આ યોગ્ય નિર્ણય હોઈ શકે છે પરંતુ આને અમલી બનાવવાની બાબત સરળ નથી. જો દેશ સુધારાની દિશામાં આગળ વધશે તો જ સફળતા મળશે. જે સૂચનો કરવામાં આવ્યા છે તે અમલી બનાવવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમને કહ્યું હતું કે ગ્રાહકોના હિત અને સરકારની મહેસૂલી આવકને ધ્યાનમાં લઈને નિર્ણય કરવા પડે છે. સંતુલિત અભિપ્રાય કોઈપણ અહેવાલ ઉપર લેવામાં આવે છે. રેટમાં તબક્કાવાર સુધારા કર્યા વગર દેશમાં ક્રૂડ ઓઈલની ખરીદીની બાબત મુશ્કેલરૂપ બની શકે છે. સાથે સાથે દેશભરમાં ફ્યુઅલની તંગી ઊભી થઈ શકે છે. ડીઝલની હાલમાં પંપ ઉપર કિંમત ઉત્પાદન ખર્ચ કરતા નવ રૂપિયા ઓછી છે. ડીઝલમાં દર મહિને ૫૦ પૈસાનો વધારો કરવાની નીતિ હાલમાં ચાલી રહી છે. સપ્ટેમ્બરના મધ્યમાં અંતર હજુ પણ લીટર દીઠ ૧૪.૫ રૂપિયા છે.

## ઉત્તર પ્રદેશ : માર્ગ દુર્ઘટનામાં ૧૪ના મોત, ઊંડી ચકાસણી

### ટ્રકે કાબૂ ગુમાવતા બે વાહનો સાથે ટકરાઈ : સીતાપુર નજીક બનેલા બનાવ બાદ ઘાયલ થયેલા લોકોને તરત હોસ્પિટલમાં ખસેડાયાઃ તમામની ઓળખ થઈ ગઈ

લખનૌ,તા.૧૪

ઉત્તર પ્રદેશના સીતાપુરમાં બે વાહનો સાથે એક ટ્રક ધડાકા સાથે ટકરાતા ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે. અન્ય અનેક લોકો ઘાયલ થયા છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે ટ્રકે કાબૂ ગુમાવી દેતા અન્ય બે વાહનો સાથે ટકરાઈ ગઈ હતી. આ બનાવ તેડવા ગામ નજીક બન્યો હતો. એ વખતે ટ્રક ડ્રાઈવરે કાબૂ ગુમાવી દેતા આ ટ્રક ટાટા મેજિક વાહન અને મારુતિ અલ્ટ્રો કાર સાથે ટકરાઈ ગઈ હતી જેમાં ૧૪ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. પોલીસ અધિકારી વિનય ગૌતમે કહ્યું છે કે આ ટ્રક સૌથી પહેલા કાર સાથે ટકરાઈ હતી. કારમાં મુસાફરી કરી રહેલા પાંચ લોકો જેમાં ૩૮ વર્ષીય કુમાર, તેની પત્ની ઉષા, પુત્રી અપૂર્વા અને પાંચ વર્ષીય પુત્ર તથા અન્ય એક નવજાત શિશુને ગંભીર ઈજા થઈ હતી. તમામ લોકોને ગંભીર હાલમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ટાટા મેજિક વાહનમાં પણ ૧૪ લોકો મુસાફરી કરી રહ્યા હતા જેમાં ૨૫ વર્ષીય નિરજ, ૫૦ વર્ષીય રાકેશ, ૨૨ વર્ષીય સુશીલ અને ૧૧ વર્ષીય એક વણઓળખાયેલ વ્યક્તિનું મોત થયું હતું. અન્ય બે લોકોને ગંભીર ઈજા થઈ હતી. સમગ્ર મામલામાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## મુંબઈ ઇમારત આગમાં ઊંડી તપાસ : મૃત્યુઆંક વધી સાત

### ફિલ્મ નિર્માતા દિનેશ ગાંધીનું પણ મોત થયું : ૪ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા : ફાયર બ્રિગેડના અનેક કર્મચારી પણ ઘાયલ

મુંબઈ,તા.૧૪

દક્ષિણ મુંબઈના કેમ્પ્સ કોર્નર પર સ્થિત મોન્ટબ્લેક ઈમારતમાં લાગેલી આગના મામલામાં ઊડી તપાસ હાથ ધરવામાં આવી છે. જો કે આ સંબંધમાં હજુ સુધી કોઈપણ માહિતી મળી નથી. આ ઈમારતમાં અનેક હાઈપ્રોફાઈલ સીઈઓ અને બિઝનેસમેન રહે છે. ૨૬ માળની આ ઈમારતના ૧૨માં ફ્લોર ઉપર ગઈકાલે સાંજે ૭.૧૦ વાગ્યાની આસપાસ ભીષણ આગ ફાટી નીકળી હતી. જો કે ચાર કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવવામાં સફળતા મળી ગઈ હતી પરંતુ કેટલાક લોકો અંદર ફસાઈ ગયા હતા. માર્યા ગયેલા લોકોમાં ફિલ્મ નિર્માતા અને ફાઈનાશિયલ દિનેશ ગાંધીનો પણ સમાવેશ થાય છે. આગ ઉપર કાબૂ મેળવવાની કામગીરી દરમિયાન બે અધિકારી સહિત ફાયર બ્રિગેડના છ અધિકારીઓ પણ ઘાયલ થયા હતા. આગની ઘટનાના એક કલાક બાદ ફાયર બ્રિગેડની ટૂકડી ઘટના સ્થળે પહોંચી હતી. ફાયરબ્રિગેડની ૧૪ ગાડી પાણીના સાત ટેન્કર અને ચાર એમ્બ્યુલન્સ મોકલવામાં આવી હતી. આગ ઉપર કાબૂ મેળવતી વેળા સિલિન્ડર ફાટી જવાથી વિસ્ફોટમાં ફાયર બ્રિગેડના કર્મીઓ ઘાયલ થયા હતા. સૂત્રોએ કહ્યુંછે કે કેટલાક સિલિન્ડર પણ મૂકવામાં આવ્યા હતા જેમાં બ્લાસ્ટ થયા હતા. ઘાયલ થયેલાઓને નેયર હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અન્ય પાંચ લોકોને અરોલી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ૧૨માં ફ્લોર ઉપર સ્થિત એક ફ્લેટથી આગની શરૂઆત થઈ હતી. આ ફ્લેટમાં રિનોવેશન કામ ચાલી રહ્યુંહતું. અહીં ઘણા મજૂરો પણ હતા. ત્યારબાદ આ આગ ફ્લેટ ૧૨૦૨માં ફેલાઈ ગઈ હતી જે બોલિવૂડના ફિલ્મ નિર્માતા અને હીરાના વેપારી છે.

## સૌરવ ગાંગુલીને ભાજપની ટિકીટની ઓફર : અહેવાલ

નવી દિલ્હી,તા.૧૪

ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને આગામી વર્ષે યોજાનારી સામાન્ય ચૂંટણી લડવા ભાજપે ટિકીટની ઓફર કરી હોવાનું જાણવા મળ્યું છે. જો કે સૌરવ ગાંગુલીએ હજુ સુધી કોઈપણ નિર્ણય કર્યો નથી. મળેલી માહિતી મુજબ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી તરફથી આ ઓફર કરવામાં આવી છે. મોદીએ એમ પણ કહ્યું છે કે જો પાર્ટી સત્તા ઉપર આવશે તો પશ્ચિમ બંગાળના આ રમત ગમત આઈકોનને રમત ગમત પ્રધાન પણ બનાવવામાં આવી શકે છે. આ જ કારણસર ઓફર કરવામાં આવી છે. એક અગ્રણી બંગાળી અખબાર સાથેની વાતચીતમાં ગાંગુલીએ કહ્યું છે કે તેને ચોક્કસપણે ઓફર મળી છે પરંતુ શું કરવું જોઈએ તે અંગે નિર્ણય કર્યો નથી. છેલ્લા થોડાક દિવસથી તે વ્યસ્ત થયો છે. થોડાક સમય પહેલાં જ સૌરવ ગાંગુલી નવેમ્બરના મધ્યમાં પાટનગરમાં એક મિત્ર મારફતે વરુણ ગાંધીને મળ્યો હતો. વરુણ ગાંધી ભાજપના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી છે અને પશ્ચિમ બંગાળના નિરીક્ષણ પણ છે. તૃણમૂલ કોંગ્રેસ શાસિત બંગાળમાં ભાજપની દાર્જલિંગમાં મજબૂત ઉપસ્થિતિ છે. આ ઘટનાક્રમના સંબંધમાં આગામી દિવસોમાં વધુ રાજકીય ગરમી જાગે તેવી શક્યતા દેખાઈ રહી છે. સૌરવ ગાંગુલીએ થોડાક સમય પહેલાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તે જુદા જુદા કારોબાર સાથે જોડાયેલો છે. ટૂંક સમયમાં જ તે હવે રાજકારણમાં જોડાય તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. ભાજપ તરફથી ઓફર કરવામાં આવ્યા બાદ કોંગ્રેસની છાવણીમાં પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે.

## વન્યસૃષ્ટિ પરિચય (ચોથા પાનાનું ચાલુ...)

(ચોથા પાનાનું ચાલુ...)

હોય છે અને તેની લંબાઇ ૧/૮ ઇંચથી વધારે હોતી નથી. વ્હેલ બોન પ્રકારની વ્હેલોમાં જન્મ સમય બાદ દાંત આવે છે જેને બ્લીન પ્લેટસ્ (Bleen Plates) કહે છે. આ પ્રકારના દાંત ગળણી જેવું કાર્ય કરે છે. વ્હેલ દરિયાનું પાણી મોંઢામાં ભરીને આવા દાંતની મદદથી પાણીને ગાળી લે છે અને તેના મોઢામાં નાના જીવો અને સૂક્ષ્મ પ્લાંકટોન્સ ખોરાક સ્વરૂપે મોઢામાં રહે છે. જેને વ્હેલ ખાઇ જાય છે. વ્હેલોમાં ટુથ્ડ (દાંતાડી અને ટુથલેસ (દંતહીન) એવા બે પ્રકાર પાડવામાં આવેલ છે.

નવાઇ લાગે તેવી વાત એ છે કે નાના અમથા મચ્છરને આપણાં કરતાં વધારે સંખ્યામાં દાંત છે. મચ્છરોને ૪૭ દાંત હોય છે. ઉંદરને ૧૬ જેટલાં દાંત હોય છે અને છછૂંદરને ૪૪ જેટલા દાંત હોય છે. મગર કદી બોખ્ખા - દાંત વગરના જોવા મળતાં નથી. કારણ કે મગરના દાંત પડી જાય એટલે તેની જગ્યાએ આખી જિંદગી નવા દાંત આવતા રહે છે. દાંતની બનાવટ, રચનાને આધારે કોઇ પણ પ્રાણીની ઉંમર પણ કહી શકાય છે.

આપણે માનવો જન્મીએ ત્યારે એક પણ દાંત હોતા નથી. ધીમે ધીમે દાંત આવવાના શરૂ થાય છે. બાળપણમાં આવા શરૂઆતમાં દાંત 'દૂધીયા દાંત' મિલ્ક ટૂથ કહેવાય છે. જે ૨૦ જેટલા હોય છે. પછીથી તે પડી જાય છે ત્યારબાદ નવા દાંત આવે છે જે ૩૨ જેટલા હોય છે. તે પછી ગયા બાદ નવા દાંત આવતાં નથી. પરંતુ અપવાદો રૂપે કેટલાક વૃદ્ધોને બધાં દાંત પડી ગયા પછી નવા દાંત પણ આવતાં હોય છે. આવી અચરજ ભરી છે દાંતની વાત.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

## માર્ગ અકસ્માતમાં મોતને ૫૦ ટકા ઘટાડવા તૈયારી

### બેદરકારી મામલામાં દંડ અને સજા વધારાશે : ટ્રાફીકના નિયમોના ભંગના મામલામાં કઠોર કાર્યવાહી પણ કરાશે : મોટર વ્હીકલ એક્ટમાં સુધારા હાથ ધરાશે

નવી દિલ્હી,તા.૧૪

માર્ગ અકસ્માતોમાં લોકોના મોતના સિલસિલાને ઘટાડવાના હેતુસર નવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન ઓસ્કાર ફર્નાન્ડીઝે માર્ગ અકસ્માતોમાં મોતને ૫૦ ટકા સુધી ઘટાડવાની રણનીતિ ઘડી કાઢી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને વર્લ્ડ બેંક દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં બોલતા રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ફર્નાન્ડીઝે કહ્યું હતું કે, મંત્રાલય દ્વારા ટૂંક સમયમાં જ એવા ધારાધોરણો જારી કરવામાં આવશે જેના ભાગરૂપે માર્ગને વધુ સુરક્ષિત બનાવવામાં આવશે. ઉપરાંત મોટર વ્હીકલ એક્ટમાં સુધારા કરવામાં આવશે. આ સુધારાના ભાગરૂપે ટ્રાફીક ધારાધોરણોના ભંગ બદલ દંડ અને સજાને વધારવામાં આવશે. રેડ લાઈટ ધારાધોરણો ભંગ કરીને પાર કરવા, સીટ બેલ્ટ નહીં બાંધવા, હેલ્મેટ નહીં પહેરવા અને બેદરકારી પૂર્વક ડ્રાઈવીંગ તેમજ શરાબ પીને ડ્રાઈવીંગ કરવાના મામલામાં વધારે દંડ કરવામાં આવશે. કઠોર કાર્યવાહી કરવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે, ઘણા બધા દેશોએ માર્ગોને વધુ સલામતી બનાવીને માર્ગ અકસ્માતોમાં લોકોના મોતના આંકડાનો ઘટાડવામાં સફળતા મેળવી છે. જોકે તેમણે કહ્યું હતું કે, આ દિશામાં સફળતા મળવામાં સમય લાગશે. બીજી બાજુ ડબલ્યુએચઓમાં અધિકારીએ કહ્યું હતું કે, માર્ગો ઉપર મૃત્યુ પામી રહેલા લોકો પૈકી અડધા લોકો બેદરકારીનો પણ શિકાર બને છે.



પ્રધાને કહ્યું હતું કે, દેશમાં હાલમાં ઘણા બધા ધારાધોરણો અમલી છે. ઘણા કાયદા ઉપર નજર પણ રાખવામાં આવી રહી છે.